# શાળા તત્પરતા : ૨



## ચકીબેન... ચકીબેન...

ચકીબેન ચકીબેન મારી સાથે રમવા
આવશો કે નહિ આવશો કે નહિ



બેસવાને પાટલો સૂવાને ખાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને આપીશ તને





પહેરવાને સાડી મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને આપીશ તને.

ચક ચક કરજો, ચીં...ચીં... કરજો
ચણવાને દાણા આપીશ તને આપીશ તને.





બા નહિ વઢશે બાપુ નહિ વઢશે,
નાનો બાબો તને ઝાલશે નહિ ઝાલશે નહિ.
ચકીબેન ચકીબેન....



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧. ચિત્ર જુઓ અને જવાબ આપો.



**પ્રશ્નો :**

(૧) આ ચિત્રમાં શું-શું દેખાય છે ?

(૨) આ ચિત્રમાં બાળકો શું કરે છે ?

(૩) તમને કઈ રમત રમવી ગમે છે ?

(૪) ઘરમાં તમારી સાથે કોણ રમે છે ?


(૫) તમારા ઘરે રમવા કોણ-કોણ આવે છે ?

(૬) તમે રમવા ક્યાં જાઓ છો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૨. રંગ પૂરો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. જોડકાં જોડો.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૪. ચાલો બનાવીએ.













Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. ટપકાં જોડો.









Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૬. અલગ પડતા ચિત્ર ઉપર ◯ કરો.








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૭. વસ્તુઓ ઘરમાં હોય તો લાલ ●, શાળામાં હોય તો લીલો ● અને બંને જગ્યાએ હોય તો પીળો ◯ રંગ કરો.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ◯ | ◯ | ◯ | ◯ |

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ◯ | ◯ | ◯ | ◯ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૮. કરી જુઓ.


(૧) એક અથવા એકથી વધુ નાના વાસણમાં પાણી લઈ લાકડીથી વાસણને વગાડી તેમાંથી જે અવાજ આવે તેનો આનંદ લેવો.



(૨) થાળીમાં પાણી ભરી વચ્ચે ફૂંક મારો, ફૂંક મારતાં પાણીમાં શું થાય છે ?



(૩) થાળીમાં પાણી ભરી તડકે મૂકો. થાળીને તડકે મૂકતાં શું થાય છે ?



(૪) તગારામાં પાણી ભરી અંદર કાંકરી નાખો. કાંકરી નાખતાં શું થાય છે ?



(૫) પાણીમાં કપડાં ધોવાનો પાવડર નાખી હલાવતાં શું થાય છે ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૯. વાર્તા : આનંદી કાગડો



એક કાગડો હતો. તેના પર એકવાર રાજા ગુસ્સે થયા. એટલે રાજાએ તેના માણસોને કહ્યું, 'જાઓ, આ કાગડાને ગામના કૂવાના કાંઠે ગારો છે તેમાં ખૂતાડીને મારી નાખો.'

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં ખૂંદાતા-ખૂંદાતા આનંદથી બોલવા લાગ્યા :

**"લપસણું કરતાં શીખીએ છીએ ભાઈ !**
**લપસણું કરતાં શીખીએ છીએ."**

રાજા અને માણસો તો નવાઈ પામ્યા કે આ કાગડો ગારામાં ખૂતવાથી દુઃખી થવાને બદલે આનંદથી કેમ બોલે છે ? રાજાને ગુસ્સો ચઢ્યો અને બીજો હુકમ કર્યો – 'નાખો એને કૂવામાં એટલે ડૂબીને મરી જાય.'

કાગડાને કૂવામાં નાખ્યો. કાગડાભાઈ તો કૂવામાં તરતાં-તરતાં બોલે છે :

**"કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ !**
**કૂવામાં તરતાં શીખીએ છીએ."**



રાજા હવે વધારે ગુસ્સે થયા. એ કહે, 'હવે કાગડાને આકરી શિક્ષા કરો.'

પછી કાગડાભાઈને કાંટાના એક મોટા જાળામાં નંખાવ્યા તોય કાગડાભાઈ તો એના એ જ ! આનંદી ! કાંટામાં આનંદથી ગાવા લાગ્યા :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"કૂણા કાન વીંધાવીએ છીએ, ભાઈ !
કૂણા કાન વીંધાવીએ છીએ."

રાજા કહે – 'કાગડો તો ભારે જબરો ! ગમે તે દુઃખમાં એ દુઃખી જ નથી થતો. ચાલો, હવે એવી જગ્યાએ નાખીએ કે એ દુઃખી-દુઃખી થઈ જાય.' પછી કાગડાભાઈને એક તેલની કોઠીમાં નાખ્યા તોય કાગડાભાઈ તો ખુશના ખુશ.

"તેલ કાને મૂકીએ છીએ, ભાઈ !
તેલ કાને મૂકીએ છીએ."

પછી તો રાજાએ કાગડાને ઘીના કૂલડામાં નાખ્યો. તો કાગડો એમાં પણ ખુશ થતો બોલે :

"ઘીના લબકા ભરીએ છીએ, ભાઈ !
ઘીના લબકા ભરીએ છીએ."

રાજા તો ખૂબ ખિજાયા ને કાગડાને ગોળની કોઠીમાં નંખાવ્યો. કાગડાભાઈ તો મજાથી ગીત ગાય :

"ગોળનાં દડબાં ખાઈએ છીએ, ભાઈ !
ગોળનાં દડબાં ખાઈએ છીએ."



પછી રાજાએ કાગડાને એક ઘર ઉપર ફેંક્યો.

ત્યાં બેઠો-બેઠો કાગડો ગાય –

"નળિયાં ચાળતાં શીખીએ છીએ, ભાઈ !
નળિયાં ચાળતાં શીખીએ છીએ."

છેવટે રાજા થાકી ગયા. રાજાને થયું આ કાગડો તો મહાઆનંદી છે. એને ગમે તેટલું દુઃખ આપીશું તોય આનંદમાં જ રહેશે. રાજા કહે – 'આને ઉડાડી મૂકો.' આને કોઈ અસર થશે નહિ અને પછી કાગડાને ઉડાડી મૂક્યો.

– ગિજુભાઈ બધેકા

◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૦. ગીત ગાઓ.

### ૧. ઢીંગલી મારી...




ખાતી નથી પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી,
બોલ બા બોલ એને કેમ બોલાવું કેમ બોલાવું ?
ડોલમાં બેસાડી તેને નવરાવું,
ચંપાનાં ફૂલની વેણી ગૂંથાવું.
તોપણ તે બોલતી નથી...
ઘંટી ને ઘૂઘરો આપું છું રમવા
સોનાના પાટલે બેસાડું જમવા
તોપણ તે ખાતી નથી...
પંખી બતાવું ડાળીએ ઝૂલતાં
મેના-પોપટ ને મોરલા ટહુકતાં
તોપણ તે ગાતી નથી...
પહેરાવું ઝાંઝરી ને રેશમી ઝબલું
ઘુમ-ઘુમ નાચું ને વગાડું તબલું
તોપણ તે નાચતી નથી...
ચાંદામામા તો આકાશે રમતા
બાબાગાડીમાં ઢીંગલીબેન ફરતાં
મારે પણ બોલવું નથી...

















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨. મેં એક બિલાડી પાળી છે...





મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.

તે હળવે-હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે.

દૂધ ખાય, દહીં ખાય,
ઘી તો ચપચપ ચાટી જાય.



તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે,



તેના ડિલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.

– ચંદ્રવદન મહેતા

## ૧૧. રમત

### ચકલી ઊડે.... ફરરર





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# શિક્ષકો માટે

(૧) બગીચાના ચિત્ર પરથી આપેલ પ્રશ્નોના જવાબ મેળવવા.

(૨) ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૩) રમતનાં સાધનોની જોડી બનાવડાવો.

(૪) આ પ્રવૃત્તિમાં – કાગળનાં તોરણ, પાનનાં તોરણ, કાગળની હોડી, કાગળના ડૂચાના લાડવા, બટન પરોવવાં વગેરે કરાવો.

(૫) આ પ્રવૃત્તિમાં ટપકાં જોડાવીને બાકીના વર્તુળમાં તે મુજબ દોરાવો.

(૬) આ પ્રવૃત્તિમાં અલગ પડતા ચિત્ર ઉપર ◯ કરાવો તથા પશુ, પક્ષી વિશે ચર્ચા કરાવો.

(૭) આ પ્રવૃત્તિમાં ઘરમાં જે વસ્તુઓ હોય તેમાં લાલ રંગ, શાળામાં હોય તો લીલો રંગ અને બંને જગ્યાએ હોય તો પીળો રંગ પૂરાવો તથા દરેક વસ્તુના ઉપયોગ અંગે વિદ્યાર્થી પાસે કહેવડાવો.

(૮) આવી અન્ય કુતૂહલપ્રેરક પ્રવૃત્તિ કરાવો.

(૧૧) બધા વિદ્યાર્થીઓને અર્ધવર્તુળમાં બેસાડવાં. શિક્ષક પંખી, પ્રાણીઓ અને વસ્તુઓનાં નામ એક પછી એક બોલતા જાય. પંખીનું નામ આવે ત્યારે વિદ્યાર્થીઓ 'ફરરર...' એવો અવાજ અને હાથથી ઊડવાની ક્રિયા કરશે. પ્રાણી અને વસ્તુનાં નામ વખતે જે વિદ્યાર્થી આમ કરશે તે આઉટ ગણાશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in